	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૦૩/૦૪/૨૦૨૨ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૫૯૩/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૦૪/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૫	૦	૧૩૫	૪૧૩	૦	૪૧૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૮૮	૦	૧૦૦૬૮૮	૧૦૯૫૯૧	૦	૧૦૯૫૯૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૨	૩,૭૬,૧૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩	૩,૦૦૦/-

ખુનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન

હત્યાના આરોપીને ગણતરીના કલાકોમાં પકડી પાડતી ગુજરાત યુનિવર્સીટી પોલીસ

ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૧૦ ૧૭૨૨૦૩૧૯/૨૦૨૨ ધી ઇપીકો કલમ ૩૦૨ તથા ધી જીપીએક્ટ કલમ ૧૩૫(૧) મુજબના કામના ફરીયાદીશ્રી વિવેક કરશનભાઇ દેસાઇ ઉવ.૩૭ રહે:૧, ગોપાલસુર્ય બંગલો, ગ્રીનવુડ સોસાયટીની સામે, સર્વોદય-૨ ની નજીક, સોલા રોડ ઘાટલોડીયા, અમદાવાદ શહેર નાઓની ફરીયાદના કામે તા:૨/૦૪/૨૦૨૨ ના કલાક ૧૮/૧૫ વાગ્યાના સુમારે ગોપાલનગર વિભાગ-૬, મેમનગર ખાતે આવેલ જયભોલે ભોજનાલય એન્ડ નાસ્તા હાઉસ નામની દુકાનના ઓટલા ઉપર આરોપી કિશન ભુરાલાલ ધનાલાલ તેલી રહે:કરશનભાઇની રુમમાં, ગોપાલનગર વિભાગ-૬, મેમનગર અમદાવાદ શહેર મુળ ગામ: કોશીથલ તા:સહાડા જી:ભીલવાડા રાજસ્થાન નાએ મરણ જનાર કરશનભાઇ ચુડાભાઇ ખંભાલીયા ઉવ.૭૫ નાઓને તેની પાસેના છરા વડે પેટના ભાગે તથા ગળાના ભાગે છરાથી ગંભીર ઇજાઓ પહોંચાડી મોત નિપજાવી નાસી ગયેલ હોય જે બનાવને થોડો જ સમય થયેલ હોય અને આરોપીના વર્ણન આધારે તપાસ કરી ગુનાના કામે આરોપીને સત્વરે પકડી પાડવા સારૂ તુરત જ સ્ટાફના સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.સી.આર.વાન, મોબાઇલ ગાડીને સુચના કરેલ. જે આધારે પી.સી.આર.વાન-૨૦ ગાડી સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સદરહુ આરોપી નેશનલ કોલેજ રોડ તરફ જતો મળી આવતા તેને તુરત જ પકડી લીધેલ તેમજ ગુનામાં વાપરેલ છરો ફેંકી દીધેલ હોય આરોપીને સઘન પુછપરછ કરી ગુનામાં વાપરેલ છરો શોધી કાઢી તપાસ અર્થે કબજે કરી આરોપી કિશન ભુરાલાલ ધનાલાલ તૈલીને અટક કરી ગુનો શોધી કાઢેલ છે.

નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૯૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૨૪ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી, ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪,૧૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૯૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૫૯૬/૨૦૨૨**

મણીનગરઃ શ્રુતિબહેન વા/ઓ યશ પટેલ (ઉ.વ.૨૫) (રહે. કૃષ્ણધામ સોસાયટી ગોપી બંગ્લોઝ પાસે વસ્ત્રાલ રોડ) તા.૦૨/૦૪/૨૦૨૨ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે મણીનગર એલ.જી.હોસ્પીટલ પાસે ગ્રીનક્રોસ લેબોરેટરી સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગના એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ શ્રુતિબહેન પટેલના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૩,૦૦૦/- ઝુટવી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શ્રુતિબહેન પટેલે મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જે.વણજારા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.